ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૧૧.૦૧.૨૦૧૮

------------------

**"સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ" નિમિત્તે આવતીકાલે સાંજે ૫ વાગે ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં અને ભાજપા યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલની હાજરીમાં મહેસાણા, વિજાપુર ખાતે "સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ" નિમિતે ભવ્ય શોભાયાત્રા સાથે પૂજનનો કાર્યક્રમ યોજાશે.**

------------------

**૧૨ જાન્યુઆરી "સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ" નિમિત્તે યુવા મોરચા દ્વારા ગુજરાતના ૫૮૬ મંડલોમાં "સ્વામી વિવેકાનંદ" પૂજનના કાર્યક્રમો યોજાશે**

------------------

પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આવતીકાલે ૧૨ જાન્યુઆરી **"સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ"** નિમિત્તે ભાજપા પ્રદેશ યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં ૫૮૬ મંડલોમાં "સ્વામી વિવેકાનંદજી"ના ફોટાના પૂજનનું આયોજન કરેલ છે. આગામી દિવસોમાં યોજાનાર નગરપાલિકા, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની ચુંટણીને ધ્યાનમાં રાખી તે સ્થળો પર ભવ્ય શોભાયાત્રા કાઢી સ્વામી વિવેકાનંદ પૂજન કરાશે.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલની હાજરીમાં સાંજે ૫ વાગે મહેસાણા વિજાપુર ખાતે યુવા મોરચા દ્વારા ભવ્ય શોભાયાત્રામાં યોજી "સ્વામી વિવેકાનંદજી"ના ફોટાનું પૂજન કરી જાહેરસભા યોજાશે. તદ્ઉપરાંત સવારે ૯:૩૦ કલાકે ઈડર ખાતે યોજાનાર "સ્વામી વિવેકાનંદ" શોભાયાત્રામાં પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલ અને ઈડરના ધારાસભ્ય શ્રી હિતુ કનોડિયા ભાગ લેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ